સુવિચાર : માણસ માત્રમાં મારી જે શ્રદ્ધા છે તે સિવાયની બીજી કોઈ શ્રદ્ધાની મને જરુર જણાતી નથી - ભીખુદાન ગઢવી

તાપમાન
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૪૮ ટકા ● સાંજે ૩૪ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૩૦ | ૩૦ ઓક્ટોબર, ૨૦૧૫, શુક્રવાર ; આસો વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- તોયબાનો ટોપ કમાન્ડર અબુ કાસીમ ઠાર: મોટી સફળતા
- શેરબજારમાં અવિરત મંદીનો દોર જારી : વધુ ૨૦૨ પોઈન્ટનો ઘટાડો
- ડોલરની સામે રૂપિયામાં ૩૮ પૈસાનો નોંધપાત્ર ઘટાડો
- ભાજપનો પ્લાન-બી ટેન્શન ફેલાવવાનો : રાહુલ ગાંધી
- ગેંગસ્ટર છોટા રાજનની ચાર હજાર કરોડથી વધુની સંપત્તિ
- જેટની પણ ઓછા ભાડાની સ્કિમ અંતે જાહેર થઈ
- બે દલિત બાળકોની હત્યામાં સીબીઆઈ દ્વારા કેસ દાખલ
- ભારતની સંપત્તિમાં ૨૧૧ ટકા સુધીનો થયેલો વધારો
- મોહાલી ટેસ્ટ : ટીમ ઇન્ડિયાને સ્પીન ત્રિપુટીથી જોરદાર આશા
- છોટા રાજન હત્યાના ૨૫ કેસમાં વોન્ટેડ છે

# અખિલેશ મંત્રીમંડળમાંથી આઠ મંત્રીઓની હકાલપટ્ટી

## પાંચ કેબિનેટ અને ત્રણ રાજ્ય પ્રધાનોની હકાલપટ્ટી કરાઈ : ૨૦૧૭ વિધાનસભા ચુંટણી પહેલાં તમામને કઠોર સંદેશો આપવાનો મુખ્ય હેતુ : મુખ્યમંત્રી અખિલેશ યાદવના આક્રમક વલણથી અન્ય મંત્રીઓ સાવધાન



લખનૌ, તા. ૨૯

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે આજે તેમની કેબિનેટમાંથી આઠ પ્રધાનોની એકાએક હકાલપટ્ટી કરી દેતાં રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો હતો. સાથે-સાથે તેમની પાર્ટી સમાજવાદી પાર્ટીમાં પણ સોપો પડી ગયો હતો. અખિલેશ યાદવ સરકારમાંથી પડતા મુકવામાં આવેલા આઠ પ્રધાનોમાં પાંચ કેબિનેટ પ્રધાનો અને ત્રણ રાજ્ય પ્રધાનોનો સમાવેશ થાય છે. સમાજવાદી પાર્ટીના પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, આ હિલચાલ છેલ્લા ઘણા દિવસથી વિચારણા હેઠળ હતી. આ હિલચાલને અખિલેશ યાદવની સરકારમાં મજબુત પકડ તરીકે પણ જોવામાં આવે છે. તેઓ ૨૦૧૭માં યોજાનારી વિધાનસભા ચુંટણી પહેલાં મજબુત અને કઠોર સંદેશા તેમના હરીફોને આપવા માંગે છે. મુખ્યમંત્રી સામે વાંધો ઉઠાવનારને લઈને પગલા લેવામાં આવ્યા છે. ઉત્તરપ્રદેશની સરકાર ચલાવવામાં સ્વતંત્રતા અખિલેશ યાદવ ધરાવતા નથી તેવા આક્ષેપો હાલમાં થઈ રહ્યા હતા. બુધવારના દિવસે જ અખિલેશ યાદવે મહત્વપૂર્ણ સંકેત આપ્યો હતો. બિહાર વિધાનસભાની ચુંટણીના પરિણામ હવે જાહેર કરવામાં આવનાર છે.

તેમણે કહ્યું હતું કે, બિહારમાં પરિણામો આવી ગયા બાદ વધુ વિચારણા કરીને નિર્ણય લેવામાં આવશે. પ્રધાનમંડળનું વિસ્તરણ કરાય તે પહેલાં જ જોરદાર લોબિંગની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી બુધવારના દિવસે રાજ્યપાલને મળી ચુક્યા છે. ઉત્તરપ્રદેશમાં મહત્તમ ૬૦ પ્રધાનોને કેબિનેટમાં રાખી શકાય છે. બીજીબાજુ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે એમપણ કહ્યું હતું કે, કોમવાદી આધાર ઉપર રાજનીતિ રમી રહેલા કેટલાક લોકો તેમની સરકારને બદનામ કરવાના પ્રયાસ કરી રહ્યા છે. વિકાસની પ્રક્રિયાને પણ રોકી રહ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે, આ તમામ પરિબળોથી સાવધાન રહેવાની જરૂર છે. વિકાસના માર્ગઆડે આવી રહેલી અડચણોને દૂર કરવા આવા પરિબળોની યોજના નિષ્ફળ બને તે જરૂરી છે.

દાદરી બનાવનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, ૫૦ વર્ષીય ઈખલાકને ઘરમાંથી તોફાની ટોળાના લોકો ખેંચી ગયા હતા અને તેને નિર્દયરીતે માર માર્યો હતો. જેના કારણે તેનું મોત થઈ ગયું હતું. દરમિયાન અન્ય નવના ખાતાઓ પણ આંચકી લેવાયા હતા. ૩૧મી ઓક્ટોબરના દિવસે કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવનાર છે.

# બિહારમાં એનડીએ સ્પર્ધામાં જ નથી : નિતિશ

## જો ભાજપ બિહારમાં જીતી જશે તો દેશને ભારે નુકશાન થશે : છેલ્લા ૧૭ મહિનાઓમાં મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે કોઈ વચન પાળ્યા નથી : નિતિશ

નવી દિલ્હી,તા. ૨૯

બિહારના મુખ્યમંત્રી અને જેડીયુના નેતા નિતિશકુમારે આજે દાવો કર્યો હતો કે બિહાર ચુંટણીમાં મહાગઠબંધન અને ભાજપ વચ્ચે કોઈપણ પ્રકારની નજીકની સ્પર્ધા નથી. તેમણે એમપણ કહ્યું હતું કે, જો ભાજપ વિધાનસભાની ચુંટણીમાં જીત મેળવી લેશે તો દેશ વધારે મુશ્કેલરૂપ સ્થિતિમાં મુકાઈ જશે. એક મુલાકાતમાં નિતિશકુમારે કહ્યું હતું કે જો ભાજપ ભુલથી આ ચુંટણી જીતી જશે તો દેશને મુશ્કેલીનો સામનો કરવો પડશે. છેલ્લા ૧૭ મહિનાની અંદર ભાજપે દેશમાં કોઈ નોંધપાત્ર કામ કર્યું નથી. સાથે-સાથે લોકસભાની ચુંટણી દરમિયાન આપવામાં આવેલા કોઈ વચનોને પણ પાળ્યા નથી. અથવા તો આ સરકારે ગુડ ગવર્નન્સના કોઈ દાખલા પણ બેસાડ્યા નથી. તેમણે ઉમેર્યું હતું કે, તેઓ એક રાજયથી બીજા રાજયમાં ચુંટણી જીતવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છે. તેમને કેન્દ્રમાં સત્તા ચલાવવા માટે બહુમત મળ્યું છે. જેથી લોકોની સેવા કરવી જોઈએ. પરંતુ આ લોકો તમામ રાજયોમાં બહુમતી અને જીત મેળવવાના પ્રયાસ કરી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર




# હજુ મોદીની લોકપ્રિયતા અકબંધ : અરૂણ જેટલી


નવી દિલ્હી, તા. ૨૯

કેન્દ્રીય નાણાં મંત્રી અરૂણ જેટલીએ કહ્યું હતું કે ભાજપના નેતૃત્વમાં એનડીએ બિહારમાં બે તૃતીયાંશ બહુમતી મેળવી લેશે. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા અકબંધ રહી છે. જેટલીએ પક્ષની ઓફિસ ઉપર પત્રકારોને સંબોધતા કહ્યું હતું કે, મોદીની લોકપ્રિયતા દેશમાં યથાવત છે. લોકોને હજુ પણ તેમનામાં વિશ્વાસ છે. તેમની રેલીઓમાં જે રીતે લોકો ઉમટી રહ્યા છે તે જોતા સારી આશા રહેલી છે. બિહાર વિધાનસભાની ચુંટણીમાં બે તૃતીયાંશ બહુમતી હાંસલ કરવામાં તેમની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ રહેશે. તેમણે એમપણ કહ્યું હતું કે, મોદીની લોકપ્રિયતા ઉપરાંત અન્ય પરીબળો પણ છે. જેમાં લોકો પાર્ટી અથવા


● અનુસંધાન પાન-૭ પર

# સ્વર્ણિમ પાર્ક-સચિવાલય રોશનીથી ઝળહળી ઉઠયા









(તસવીર : કશ્યપ નિમાવત)

## સરદાર સાહેબની જન્મજયંતિએ પ્રતિમાના અનાવરણ પ્રસંગે સચિવાલય અને સ્વર્ણિમ પાર્ક આકર્ષક રોશનીથી સજાવાયા છે : ૩૧મીએ સવારે શહેરના ૬ માર્ગો પરથી વિદ્યાર્થીઓની પ્રભાત ફેરી સ્વર્ણિમ પાર્કમાં એકત્ર થશે : મુખ્યમંત્રીના વરદ હસ્તે સરદાર સાહેબની કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કરાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં ૩૧મી ઓક્ટો.ના રોજ સરદાર સાહેબની કાંસ્ય પ્રતિમાના અનાવરણ પ્રસંગે સ્વર્ણિમ પાર્ક તેમજ સચિવાલય સંકુલને ખાસ રોશનીથી સજાવવાની સાથે સરદાર સાહેબ પર એક ખાસ લાઈટ એન્ડ સાઉન્ડ શોનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

૩૧મીએ સવારે પ્રતિમાના અનાવરણ પ્રસંગે શહેરના છ જેટલા જુદા જુદા માર્ગોએથી બાળકોની પ્રભાતફેરી નીકળશે અને આ બધી જ પ્રભાતફેરી સ્વર્ણિમ પાર્કમાં એકત્ર થશે. સરદાર સાહેબની જુદી જુદી વેશભૂષા ધારણ કરી બાળકો આ પ્રભાતફેરીમાં જોડાવાના છે. શહેરની ૧૨થી પણ વધુ શાળાના ૨૦૦૦ જેટલા બાળકો આ પ્રભાતફેરીમાં જોડાવાના છે. આ ઉપરાંત શહેરની વિવિધ સામાજિક સંસ્થાઓ પણ જોડાવાની છે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે આ પ્રતિમાનું અનાવરણ થનાર છે. આ પ્રસંગે રાજ્ય મંત્રીમંડળના સભ્યો પણ ઉપસ્થિત રહેનાર છે.

તંત્ર દ્વારા આ અંગેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ માટે અધિકારીઓને ખાસ જવાબદારી પણ આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે સરદાર જયંતિની ઉજવણી અંગેના વિવિધ કાર્યક્રમો પણ આખા સપ્તાહ દરમ્યાન યોજવામાં આવનાર છે.

દરમ્યાન સરદાર પટેલ જન્મજયંતિ ઉજવણી સમિતિ ગાંધીનગર દ્વારા સવારે ૮.૩૦ કલાકે વિધાનસભા સંકુલ નજીક મુકાયેલ સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવાનો પણ એક કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

તંત્રએ આજે સવારે ૩૧મીના કાર્યક્રમનું રિહર્સલ પણ યોજ્યુ હતું. જેમાં ગીત-સંગીતના રંગારંગ કાર્યક્રમ ઉપરાંત એક ખાસ નાટ્ય શોનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું.

લગ્ન વિષયક
૩૦ વર્ષની હોમિયોપથી ડૉક્ટર યુવતી માટે પાત્ર યુવક જીવન સાથી
સંપર્ક
મો. : ૯૪૨૭૯ ૪૪૮૫૬

# રાજ્યમાં મનપાની ચૂંટણી યોજાશે જ : સુપ્રીમ

અમદાવાદ, તા. ૨૯

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે ગુજરાતમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી પર સ્ટે મુકવાનો આજે સાફ ઈન્કાર કર્યો હતો. જો કે, કોર્ટે જણાવ્યું હતું કે, તમામ પરિણામો એક સાથે જ જાહેર કરવામાં આવે.



સર્વોચ્ચ અદાલતે આજે ગુજરાતની છ મહાનગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૦ તાલુકાઓ પંચાયતો અને ૫૬ નગરપાલિકાઓની ચૂંટણીઓ પર સ્ટે મુકવાનો ઈન્કાર કરી દીધો હતો. વડોદરા શહેર કોંગ્રેસના કાર્યકર સામંતસિંહ સહિતના લોકોએ સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. આ મામલામાં આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે, ગુજરાત મનપાની ચૂંટણીઓમાં એક વોર્ડ ચાર ઉમેદવાર નહીં પરંતુ એક વોર્ડ એક ઉમેદવાર હોવો જોઈએ.આ મામલે સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે ચૂંટણી પ્રક્રિયા પર સ્ટે આપ્યો હતો. જો કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી મામલે ગુજરાત હાઈકોર્ટના કડક વલણ બાદ ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં ચૂંટણીઓ જાહેર કરાઈ હતી જેના પગલે ફરી એકવાર પિટિશનરોએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી કે, ચૂંટણી પર સ્ટે આપવામાં આવે, પરંતુ સુપ્રીમ કોર્ટે સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો. હવે એક વોર્ડ કાઉન્સિલર મુદ્દે આગામી ૨૪ નવેમ્બરે સુાવણી યોજાશે. બીજી તરફ આ મામલે વડોદરા કોંગ્રેસના નેતા નરેન્દ્ર રાવતે મીડિયા સમક્ષ જણાવ્યં હતું કે, સુપ્રીમ કોર્ટે એમ પણ જણાવ્યું હતું કે, જો ૨૪ નવેમ્બરે એક વોર્ડ એક કાઉન્સિલરની તરફેણમાં ચુકાદો આવે તો સમગ્ર ચૂંટણી રદ ગણાશે અને ફરી ચૂંટણી યોજાશે. મહત્વપૂર્ણ છે કે, વડોદરાના કોંગ્રેસના કાર્યકર સામંતસિંહ પરમાર સહિત ચાર નાગરિકોએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી ક મુંબઈ અને દિલ્હી જેવા મેટ્રો સિટીમાં પણ એક વોર્ડ એક કાઉન્સિલર હોય છે. ગુજરાતના મહાનગરપાલિકાઓએ રાજકીય લેવા માટે એક વોર્ડ ચાર કાઉન્સિલરની વ્યવસ્થા કરાઈ છે અને એક વોર્ડમાં ચાર કાઉન્સિલર હોવાની જવાબદારી નક્કી કરવા મુશ્કેલ બને છે.

## જિલ્લા પંચાયત અને મહાનગરપાલિકાના પરિણામ એક સાથે જ જાહેર કરવા સુપ્રીમનો આદેશ : એક વોર્ડ એક ઉમેદવાર મામલે ૨૪મી નવેમ્બરે સુનાવણી

